ક્રિ.પ.અરજી નં. ૮૫૨/૨૨

આંક : ૫
દાખલ તારીખ : ૦૭–૧૦–૨૦૨૨
નિકાલ તારીખ : ૧૨–૧૦–૨૦૨૨
સમયગાળો : દિવસ માસ વર્ષ
કુલ ૦૫ ૦૦ ૦૦

# દાહોદના મહે. સેશન્સ જજ સાહેબની કોર્ટમા મુ.દાહોદ

ફોજદારી પરચુરણ અરજી નં.૮૫૨/૨૦૨૨

**અરજદાર** :– અજયભાઈ રસુલભાઈ ડામોર
રહે.ચોસાલા, ડુંગરી ફળીયુ,
તા.જી. દાહોદ

**વિરુધ્ધ**

**સામાવાળા** :– શ્રી સરકાર

**બાબત** : સી આર.પી.સી.ની કલમ–૪૩૯ હેઠળ નિયમીત જામીન મેળવવા અંગેની અરજી.

**ગુનો** : લીમડી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૮૨૧૦૩૩૨૨૦૩૬૬/૨૨ ઈ.પી.કો.કલમ ૪૫૭,૪૫૪,૩૮૦,૫૧૧ મુજબ.

---

અરજદાર તરફે વિ.વ. શ્રી ટી.કે.સોલંકી
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી પી.જે.જૈન

---

## :: જજમેન્ટ ::

(૧) અરજદાર/આરોપી સામે લીમડી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૮૨૧૦૩૩ ૨૨૦ ૩૬૬ /૨૨ ઈ.પી.કો.કલમ ૪૫૭,૪૫૪,૩૮૦,૫૧૧ મુજબના ગુના નોંધાતા, તપાસ કરનાર અમલદારે અરજદાર/ આરોપીને અટક કરી, હકુમત ધરાવતી જયુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમા રજુ કરવામા આવેલ. જયુ.મેજી. શ્રીએ અરજદાર/આરોપી તરફથી કરવામા આવેલ જામીન અરજી રદ ફરમાવી, અરજદાર/ આરોપીને જયુડીશીયલ કસ્ટડીમા લેવા હુકમ કરેલ. આમ, અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમા હોઈ, જામીન મેળવવા માટે હાલની અરજી સી આર.પી.સી.ની કલમ–૪૩૯ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદાર/ આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી ટી.કે.સોલંકીની વિધ્વતાપૂર્વકની દલીલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિદોર્ષ છે.ફરીયાદ ચાર દિવસ વિલંબથી આપેલી છે. ફરીયાદમા આરોપીનુ નામ નથી તેમછતાં ગુનો ડીટેકટ બતાવવા આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલા છે. આરોપી પાસેથી આ ગુનાને લગતો કોઈ મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર થયેલ નથી. અરજદાર/આરોપી સામેના કેસની ન્યાયીક કાર્યવાહી ચલાવવાની સત્તા મહે. જયુ.મેજી.ફ.ક. કોર્ટને છે. અરજદાર સામેના ગુનામા આજીવન કેદ કે દેહાંત દંડની સજાની જોગવાઈ નથી. અરજદાર/આરોપી દાહોદ જીલ્લાના કાયમી વતની છે અને નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. તેઓ કેસની ટ્રાયલ સમયે નિયમીતપણે ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે. તેઓ જે કાંઈ શરતો મુકવામા આવશે તેનુ ચુસ્તપણે પાલન કરશે.ના. સર્વોચ્ચ અદાલત દ્રારા રેગ્યુલર જામીન અરજીના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

સરકારશ્રી તર્ફે વિ.પી.પી.શ્રી પી.જે.જૈને હાલની રેગ્યુલર જામીન અરજી નો ભારપૂર્વક વિરોધ કરેલ છે.તેઓની રજુઆત છે કે, આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી બીલવાણી ગામે આવેલ બરોડા ગ્રામીણ બેંકનુ તાળુ તોડીને અંદર તાળા તોડવાના હથીયારો સાથે આવી

લોકર તોડવાનો પ્રયાસ કરેલ છે. આરોપી વ્યાવસાયીક ચોર છે અને જો તેને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી આવા જ પ્રકારના ચોરીના ગુનાઓ કરશે. આ ગુનાના કામે સહઆરોપીને પકડવાનો બાકી છે.આરોપી સામે આવા જ પ્રકારના અન્ય ગુનાઓ પણ નોંધાયેલા છે.આ ગુનાની તપાસ ચાલુ છે. જેથી આ અરજી રદ કરવી જોઈએ. તેઓએ ત.ક.અમલદારના સોગંદનામા ઉપર આધાર રાખી અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી ટી.કે.સોલંકી, સરકારશ્રી તર્ફે વિ.પી.પી.શ્રી પી.જે.જૈનને સાંભળ્યા.અત્રે એ નોંધવુ જરૂરી છે કે, આ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલત ધ્વારા જે અવલોકનો કરવામા આવેલ છે તે માત્ર પ્રાથમિક અવલોકન છે અને હાલની જામીન અરજી પુરતા સીમીત છે. તે અવલોકન ટ્રાયલ દરમ્યાન કોઈ પણ પક્ષકારોના કેસને અસરકર્તા રહેશે નહી, કારણકે તે અવલોકનો પ્રાથમિક હોય છે.હાલની જામીન અરજીનો નિર્ણય કરતી વખતે નીચેના મુદ્દા ધ્યાને લેવામા આવેલ છે.

:: અરજદાર/આરોપી સામે ઈ.પી.કો.ક.૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનાના આક્ષેપો છે.

:: ફરીયાદ વંચાણે લેતાં આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી બીલવાણી ગામે આવેલ બરોડા ગ્રામીણ બેંકનુ તાળુ તોડીને અંદર તાળા તોડવાના હથીયારો સાથે આવી લોકર તોડવાનો પ્રયાસ કરી ચોરી કરવાનો પ્રયાસ કરેલ હોવાનુ દર્શાવવામા આવેલ છે.

:: ફરીયાદ અજાણ્યા ઈસમો સામે આપવામા આવેલ છે.

:: અરજદાર/આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયેડી. મેજી.ફ.ક. કોર્ટને રહેલી છે.

:: ફરીયાદપક્ષની રજુઆત કે આરોપી સામે અન્ય ગુનાઓ પણ નોંધાયેલા છે જેથી તે કેસની ટ્રાયલ વખતે નિયમીત હાજર રહેશે નહી જે રજુઆત ધ્યાને લેતા તેઓને જ જામીન ઉપર મુકત કરતી વખતે કડક શરતો મુકવામા

આવે તો વ્યકિત સ્વાતંત્રતા અને સમાજનુ હિત તેમજ અરજદાર/ આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત થઈ શકશે તેવુ આ અદાલતનુ માનવુ છે.

:: આરોપી સામેના ગુનામા આજીવન કે દેહાંત દંડની સજાની જોગવાઈ નથી.

(૪) ઉપરોકત મુદાઓ અને વિગતો ધ્યાનમા લેતા,તેમજ અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનો તેમજ સજાની જોગવાઈ ધ્યાનમા લેતા તેમજ **ના. સર્વોચ્ચ અદાલતના ૨૦૧૨(૧)જી.એલ.એચ. ૧૯૯૩ સંજય ચંન્દ્રા વિ. સી.બી. આઈ. તથા ૧૯૮૪(૧) જી.એલ.આર. ભગીરથસિંહ જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાનમા લેતા અરજદાર/ આરોપીની તરફેણમા તેમને જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવામા આવે તો તે યોગ્ય અને ન્યાયીક જણાતુ હોઈ, નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

**(૧)** આ કામના અરજદાર/આરોપીની નિયમીત જામીન મેળવવાની હાલની અરજી આથી મંજુર કરવામા આવે છે.

**(૨)** અરજદાર/આરોપીને લીમડી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૮૨૧૦૩૩ ૨૨૦ ૩૬૬ /૨૨ ઈ.પી.કો.કલમ ૪૫૭,૪૫૪,૩૮૦,૫૧૧ મુજબના ગુનાના કામે **<u>રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા)</u>**ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા સબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન ક્રિ.પ્રો. કો. ક. ૪૩૯ હેઠળ નિયમીત જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવવામા આવે છે.

**<u>શ ર તો</u> :-**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી, લોભ,લાલચ,પ્રલોભન આપવા-અપાવવા નહી કે ફરીયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.

(૨) અરજદાર/આરોપીએ તેની સામેના કેસની ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે નિયમીત

બીનચુક હાજર રહેવું.

(૩) અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનુ પાકું અને કાયમી સરનામુ (આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહીત તથા તાજેતરના ફોગોગ્રાફ સહિતનુ) પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, સબંધીત કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશન મા લેખીત જાણ કરવી.

(૪) આરોપીએ સબંધીત કોર્ટની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

(૫) અરજદાર/આરોપીએ ભવિષ્યમા પોતાની જાતને આ પ્રકારની કે અન્ય કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિમા સંડોવવી નહી.

(૬) જો આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ પોતાનો પાસપોર્ટ સબંધીત કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે હકીકત સોગંદ પર જાહેર કરવી.

(૭) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ના થાય ત્યાંસુધી દર માસની ૧૫મી તારીખે સબંધીત પો.સ્ટે.મા સવારના ક. ૧૧–૦૦ થી ૧૫–૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

(૮) આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતે કેસની ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેશે અને કેસની કાર્યવાહી વિલંબતી થવા દેશે નહી તે મતલબનુ સોગંદનામુ કરવુ.

આ હુકમની લેખીત યાદી સબંધીત પોલીસ સ્ટેશને તથા નીચેની કોર્ટને મોકલી આપવી.

અરજદાર/આરોપીને આપવા માટે આ હુકમની પી.ડી.એફ. સબંધીત જેલ અધિકારીને મોકલી આપવી.

ઉપરોકત હુકમ આજ તા.૧૨મી માહે–ઓકટોમ્બર,સને–૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૨–૧૦–૨૦૨૨
સ્થળ :દાહોદ

**(કમલ મોહનલાલ સોજીત્રા)**
સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં.GJ01494

***C.H.B.***